**-: આંક-૧ લગત હુકમ :-**

દરખાસ્તદાર ધ્વારા રે.દી.કે.નં.૪૦૩/૨૦૨૫ ના કામે થયેલ હુકમનામા મુજબની વીજબીલની લેણી રકમની વસુલાત માટે તા.૧૯/૧૨/૨૦૨૫ નાં રોજ દાખલ કરેલ છે. દરખાસ્તનાં કામે સામાવાળાને તા.૧૩/૦૧/૨૦૨૬ નાં રોજ જંગમ વોરન્ટ ઈશ્યુ કરવા અરજી રજુ કરેલ છે જે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારપક્ષે આંક-૫ થી ૬ મુજબ પણ રીકવરી વોરંટ ઈશ્યુ કરવા માટે અરજી રજુ કરવામાં આવેલ. સામાવાળા વિરૂધ્ધ હુકમ અનુસાર લેણી રકમ રૂ.૧૧,૮૭૭/૦૦ વસુલ મેળવવા માટે જપ્તી વોરંટ તા.૨૪/૦૩/૨૦૨૬ તથા તા.૧૭/૦૮/૨૦૨૬ ના રોજની મુદતનું ઈશ્યુ કરવામાં આવેલ. પરંતુ વાદી/અરજદાર સંસ્થાના જવાબદાર/અધિકૃત અધિકારી હાજર નહી રહેતાં વગર બજે પરત કરવામાં આવેલ છે. સદર દરખાસ્ત છ મહીના કરતાં જુની છે જેમાં લેણી રકમની વસુલાત માટે અરજદાર સંસ્થાનાં જવાબદાર અધિકારી જપ્તી વોરંટની અમલ બજવણી કરાવવા માટે હાજર રહેલ નથી. આમ સદર કામ આગળ ચલાવવામાં અરજદાર સંસ્થાને રસ નથી તેમ માનવાને સ્પષ્ટ કારણ છે. સબબ ઉપરોકત કારણોસર સદર દરખાસ્ત કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭, માહે-ઓગસ્ટ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭/૦૮/૨૦૨૬ **(ધર્મેન્દ્ર બી. જોષી)**

સ્થળ : ભાવનગર ચોથા એડીશનલ સિનિયર સિવિલ જજ

ભાવનગર

Code No.GJ00725

*Siddharth*